મફત અને સક્ષમ કાનુની સેવા
આપનો બંધારણીય અધિકાર છે.

# જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ ગાંધીનગર


અધ્યક્ષ : આશિષ જ.અસ.મલ્હાત્રા
સચિવ : શ્રીમતિ સી.વાય.જાડેજા

ફોન નં : ૦૭૯ ૨૩૨ ૪૮૫૦૫


ડીએલએસએ ન/૯૨/૨૦૨૬
જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ
જિલ્લા ન્યાયાલય,ન્યાયમંદિર,
તારીખ : /૦૯/૨૦૨૬

પ્રતિ,
(૧) પ્રમુખશ્રી, ડીસ્ટ્રીકટ બાર એસોસીયેશન,ગાંધીનગર.
(૨) પ્રમુખશ્રી, ગાંધીનગર બાર એસોસીયેશન,ગાંધીનગર.
(૩) મહામંત્રીશ્રી, ગાંધીનગર બાર એસોસીએશન, ગાંધીનગર.
(૩)પ્રમુખશ્રી, તાલુકા બાર એસોસીયેશન, કલોલ, દહેગામ, માણસા.

**વિષય :- લીગલ એઈડ પેનલ લોયર્સ નિયુકિત માટેની જાહેરાત...**

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ તથા તાલુકા કાનુની સેવા સમિતિ, ગાંધીનગર, કલોલ, દહેગામ, માણસા ખાતે પેનલ વકીલશ્રીની નિમણુંક ત્રણ વર્ષ માટે કરવાની હોવાથી પેનલ વકીલશ્રીની જગ્યા માટે વકીલોમાંથી નિમણંક આપવાની થાય છે.

ઉપરોકત જગ્યાઓ માટેની કામગીરી,લાયકાત,અન્ય માહીતી તથા નિયત નમુનાનું અરજી ફોર્મ આ સાથે સામેલ રાખી મોકલાવેલ છે. જેથી જે વકીલમીત્રો **જીલ્લા અદાલત ગાંધીનગર તેમજ કલોલ, દહેગામ, માણસા ખાતે ખાલી પડેલ પેનલ વકીલશ્રીની** જગ્યા માટે અરજી કરવા માગતા હોય તેઓએ તેમની અરજી આ સાથે સામેલ નિયત ફોર્મમાં ભરી જીલ્લા અદાલત ગાંધીનગર ખાતે પેનલ વકીલ તરીકે સેવા આપવી હોય તેઓએ જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ગાંધીનગર ખાતે તેમજ કલોલ, દહેગામ, માણસા ખાતે પેનલ વકીલ તરીકે સેવા આપવી હોય તેઓએ તાલુકા કાનુની સેવા સમિતિ, કલોલ, દહેગામ, માણસા ખાતે ફોર્મ ભરી રુબરુ અથવા સ્પીડ પોસ્ટ થી તા. ૧૧/૦૯/૨૬ ના રોજ સાંજ ના ૫.૦૦ કલાક સુધીમા મોકલી આપવાના રહેશે. **તા. ૧૧/૦૯/૨૬ ના રોજ સાંજના ૫.૦૦ કલાક** પછી આવેલ અરજી ફોર્મ કોઈપણ સંજોગોમાં ધ્યાને લેવામા આવશે નહી.

સદર અરજી ફોર્મ તથા આ સાથે સામેલ રાખેલ માહીતી બારના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરશો.

(સી.વાય.જાડેજા)
સચિવ
જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ,
ગાંધીનગર.

**બિડાણ :- ગાંધીનગર, કલોલ, દહેગામ, માણસા ખાતે પેનલ વકીલશ્રીની નિયુકિત માટેની જાહેરાત...**

મફત અને સક્ષમ કાનુની સેવા
આપનો બંધારણીય અધિકાર છે.

# જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ ગાંધીનગર

અધ્યક્ષ : આશિષ જે એસ મલ્હોત્રા
સચિવ : શ્રીમતિ સી.વાય.જાડેજા

ઈ–મેલ:– dlsa-grn@gujarat.gov.in
ફોન નં : ૦૭૯ ૨૩૨ ૪૮૫૦૫

ડીએલએસએ નં/ ૯૨૪/૨૦૨૬
જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ
જિલ્લા ન્યાયાલય,ન્યાયમંદિર,
સેકટર ૧૧, ગાંધીનગર
તારીખ : ૨/ ૦૯ /૨૦૨૬

વંચાણે લીધું– National Legal Services Authority (Free and Competent Legal Services)Regulation,2010. (As amended vide notification F.No. L/61 /10/NALSA dated 28.08.2019 and Addendum dated 18.09.2019 published in Gazette of India on 06.09.2019 and 19.09.2019 respectively)

---

## લીગલ એઈડ પેનલ લોયર્સની નિયુક્તિ માટેની જાહેરાત
## (ફોર્મ ભરવાની શરૂઆતની તા.:. ૦૨/૦૯/૨૦૨૬ અને છેલ્લી તા.: ૧૧/૦૯/૨૦૨૬)

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના નિર્દેશાનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર ધ્વારા ગાંધીનગર ન્યાયિક જિલ્લાના વ્યાપમાં પડતી તમામ (મુખ્ય તથા અધિક)

૧) જિલ્લા અને સત્ર અદાલતો
૨) સીનીયર સીવીલ જજ તથા ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની અદાલતો,
૩) જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની અદાલતો,
૪) ફેમિલી અદાલત,
૫) જુવેનાઈલ અદાલત,
૬) ચાઈલ્ડ વેલ્ફેર સમિતિ,
૭) મજુર અદાલતો તથા ઔદ્યોગિક અદાલતો,
૮) ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (કન્ઝયુમર કોર્ટ)
૯) મોટર–વાહન અકસ્માત વળતર ટ્રીબ્યુનલ (એમ.એ.સી.ટી.)
૧૦) રેવન્યુ અદાલતો,
૧૧) બોર્ડ ઓફ નોમીનીઝ,
૧૨) અન્ય ન્યાયિક તથા અર્ધ–ન્યાયિક ઢબે કાર્યરત અદાલતો / ફોરમો / ટ્રીબ્યુનલો / કમીટીઓ / સંસ્થાઓ, વિગેરેમાં

મફત અને સક્ષમ કાનૂની સહાય પુરી પાડી શકાય અને કાનૂની જાગૃતી કાર્યક્રમો ધ્વારા જનકલ્યાણનાં કાર્યો કરી શકાય તે હેતુથી અત્રેના જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરમાં તથા તાલુકા કાનૂની સેવા સમિતિ, ગાંધીનગર, કલોલ, માણસા તથા દહેગામ માટે વકીલશ્રીનાઓની નવી પેનલ રચવાની હોવાથી – લાયકાત ધરાવતાં ઉમેદવારો તરફથી આ સાથે નિયત કરેલ નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.

**તા.૧૧/૦૯/૨૬ સુધી ઉમેદવારની પાસે કેસો ચલાવવાનો લઘુતમ ત્રણ વર્ષનો અનુભવ હોવો જોઈશે તેમજ તેમણે ચલાવેલા સીવીલ,ક્રિમીનલ કેસો, એમ.એ.સી.પી.કેસો, ફેમીલી કેસો તેમજ અન્ય કેસોની વિગત અરજીમા સ્પષ્ટ જણાવવાની રહેશે.**

### અરજી મોકલતાં પહેલાં નીચે જણાવેલ સુચનાઓ કાળજીપૂર્વક વાંચવી

(૧) પ્રત્યેક અરજદારે પોતે જે અદાલતોમાં લીગલ એઈડ એડવોકેટ તરીકે સેવા આપવા માંગતા હોય તે અદાલતોને સંલગ્ન કાનૂની સેવા સત્તા મંડળ કે તાલુકા કાનૂની સેવા સમિતિમાં જ અરજી કરવાની રહેશે.
(૨) અરજી નિયત કરેલ નમૂના મુજબ સંપૂર્ણ રીતે ભરેલી હોવી જોઈશે અને સાથે અનુક્રમ નંબર ૧૪માં જણાવેલ દસ્તાવેજો બીડવાના રહેશે.

(૩) અરજદારે પોતાની અરજી ઉપર કલર ફોટોગ્રાફ પોતાની સહી સાથેનો જોડવાનો રહેશે.

(૪) અરજદારે એક જ અરજી કરવાની રહેશે. વકીલશ્રીઓની પેનલ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ તેમજ તમામ તાલુકા કાનૂની સેવા સમિતિ માટે અલાયદી બનાવવાની થતી હોય છે. જેથી ઉમેદવારે એક જ કોર્ટ એસ્ટાબ્લીશમેન્ટ પસંદગી કરવાની રહેશે અને તેઓએ તાલુકાની કોર્ટ અથવા જિલ્લા અદાલતનો ઉલ્લેખ કરવાનો રહેશે.

(૫) માત્ર તેવા જ ઉમેદવારો કે જેઓની લાયકાત સંતોષાય છે તેઓ જ પેનલ માટે અરજી કરી શકશે.

(૬) દરેક ઉમેદવારે પોતાનાં સંપર્ક તથા વ્હોટસએપ ફોન નંબરો તથા ઈ–મેઈલ એડ્રેસ યોગ્ય રીતે અરજીમાં દર્શાવવાના રહેશે.

(૭) દરેક ઉમેદવારે અરજીના ફોર્મમાં જરૂરી તમામ વિગતો સંપૂર્ણ રીતે પુરી પાડવી અને અધુરી વિગતવાળી અરજી રદ થવા પાત્ર થશે અને અરજી કરવાથી કોઈ હકક–દાવો માંડી શકાશે નહી.

**(૮) અરજી સ્વીકારવાની અંતિમ તા.૧૧/૦૯/૨૦૨૬ ના રોજ સાંજના ૫.૦૦ કલાક સુધી ની રહેશે.**

(૯) જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ તથા તમામ તાલુકા કાનૂની સેવા સમિતિઓ માટે નીચે મુજબની અલગ અલગ પેનલ તૈયાર કરવાની થાય છે, તો તે મુજબની લાયકાત તથા અનુભવ જે કોઈ ઉમેદવાર ધરાવતાં હોય, તેઓએ પોતાની નોંધણી તે મુજબની પેનલ ઉપર થાય તે માટે જરૂરી કરી શકશે.

**નીચે જણાવેલ કોઈપણ વિષયની પેનલોમાં અરજી કરવી ઈચ્છનીય છે. તેમ છતાં જો અ સિવાયના કોઈ વિષયમાં આપ પ્રેકટીસ કરતા હોવ તો તેની વિગત અરજીમાં જણાવશો. વકીલશ્રીના કયા વિષયની પેનલમાં નિમણૂંક કરવી હિતાવહ છે તેનો આખરી નિર્ણય જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર પાસે અબાધિત રહેશે.**

(૧) સીવીલ કેસ માટેની પેનલ

(૨) ક્રિમીનલ કેસો માટેની પેનલ (ફકત તાલુકા કાનૂની સેવા સમિતિ, ગાંધીનગર, કલોલ, માણસા તથા દહેગામ

(૩) લગ્ન વિષયક તકરાર અંગેના કેસો માટેની પેનલ

(૪) એમ.એ.સી.પી. કેસો માટેની પેનલ (જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ માટે અથવા જે તાલુકામાં એમ.એ.સી.પી. ટ્રીબ્યુનલ આવેલ છે તેના માટે)

(૫) જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ તથા ચાઈલ્ડ વેલફેર કમીટી માટેની પેનલ.

(૬) લેબર તથા ઓદ્યોગિક અદાલતના કેસો માટેની પેનલ.

(૭) પર્યાવરણના કેસો માટેની પેનલ.

(૮) બંધારણના કેસો માટેની પેનલ.

(૯) સીનીયર સીટીઝનના કેસો–વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ તથા કલ્યાણ અંગેના કેસો માટેની પેનલ.

(૧૦) મહેસુલી (રેવન્યુ) કેસોની પેનલ.

(૧૧) ગ્રાહક સુરક્ષા ફોરમના કેસોની પેનલ.

(૧૨) સહકારી મંડળી તથા બોર્ડ ઓફ નોમીનીઝને લગતા કેસોની પેનલ.

(૧૩) શિબિરો તથા કાનૂની જાગૃતિ કાર્યક્રમોની પેનલ.

જે અરજદારો ફોર્મ સ્વીકારવાની આખર તારીખ સુધી ઉપરોકત વિષયના જણાવેલ કેસો ચલાવવાનો રસ કે અનુભવ ધરાવતાં હોય, તો તેઓ જે તે વિષયની પેનલ માટે ઉમેદવારી નોંધાવી શકશે. જો એક કરતાં વધુ પેનલ માટે ઉમેદવારી નોધાવવા માંગતા હોય, તો કરેલ અરજીમાં તેની વિગત સ્પષ્ટ પણે દર્શાવવાની રહેશે.

## (૧૦) પસંદગીની પ્રક્રિયાઃ–

(૧) નાલસા (ફ્રી એન્ડ કોમ્પીટન્ટ લીગલ સર્વિસીસ રેગ્યુલેશન) ૨૦૧૦ અને ત્યારબાદ તેમાં થયેલ વખતોવખતના સુધારાઓમાં જણાવેલ પ્રક્રિયાને અનુસરી પસંદગી પ્રક્રિયા કરવામાં આવશે.

(૨) લાયકાતના પરિબળોને સંતોષવા માત્રથી કોઈપણ ઉમેદવારને પસંદગી માટે કોઈ હકક પ્રાપ્ત થશે નહિ.

(૩) આવેદનપત્રો મળ્યાની સંખ્યા ઉપર અને અત્રેની સત્તા મંડળની જરૂરીયાતને લક્ષમાં રાખીને આ સત્તા મંડળ ઉમેદવારોની પસંદગી સુચિ (Shortlist) કરવાનો હકક અબાધિત રાખે છે.

(૪) લીગલ એઈડ વકીલ તરીકે પેનલ ઉપર નોંધણી કરવા માટે નીચે મુજબના પાસાઓ ધ્યાને લેવાશેઃ–

(ક) ઉમેદવારની લાયકાત / વ્યકિતત્વ

(ખ) કાયદાનું જ્ઞાન / કાયદાની અભિરુચિ
(ગ) કાનૂની સહાયના ક્ષેત્રમાં કામ કરવાની તીવ્રતા, પ્રતિબધ્ધતા, પ્રમાણિકતા અને વૃત્તિ.
(ઘ) જીલ્લા કોર્ટમાં તથા તાલુકા કોર્ટમાં ઉમેદવારની નિયમિતતા / ઉપલબ્ધતા અને કોર્ટ– પક્ષકારો સાથેનો વ્યવહાર.

(૫) પાત્રતા નોંધાવનાર તમામ વિ. વકીલશ્રીઓએ પોતાના વ્હોટસએપ નંબર ફોર્મમાં લખવાના રહેશે અને સદર પ્રક્રિયા બાબતની તમામ વિગતો તેઓને વ્હોટસએપ મેસેજ મારફતે પુરી પાડવામાં આવેશે. જો કોઈ કારણસર પસંદગી માટે પર્સનલ ઈન્ટરવ્યુ રાખવામાં આવે તો, તે માટેનું સ્થળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર ધ્વારા નકકી કરવામાં આવશે અને તે મુજબ પર્સનલ ઈન્ટરવ્યુ માટે દરેક અરજદારે હાજર રહેવું ફરીજીયાત રહેશે.

(૬) પસંદગી પામેલ લીગલ એઈડ વકીલશ્રીઓની પેનલ યાદી અત્રેની કચેરીના, જિલ્લા અદાલતના તથા તાલુકા કાનૂની સેવા સમિતિઓના નોટીસ બોર્ડ ઉપર લગાડવામાં આવશે.

## (૧૧) પેનલ ઉપર નોંધણી માટેની શરતોઃ–

(૧) નિમણૂંક તારીખથી બીજો આદેશ ન થાય ત્યાં સુધીના સમયગાળા માટે જે તે વિ. વ.શ્રીએ સોંપવામાં આવેલ કામગીરી કરવાની રહેશે. નિમણૂંક પામેલ દરેક પેનલ વકીલની કામગીરી અને કાર્યની સમીક્ષા કરવામાં આવશે.
(૨) દરેક પેનલ વકીલશ્રીને ગુજરાત સરકાર ધ્વારા તેમજ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ ધ્વારા વખતો વખત નકકી કરવામાં આવતી તેમજ માન્ય કરેલ અનુસુચિ મુજબની ફી / માનદ વેતન ચુકવવામાં આવશે.
(૩) આ સત્તામંડળ ધ્વારા કે નામદાર ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ ધ્વારા આયોજન કરવામાં આવતા તાલીમ અંગેના કાર્યક્રમો તથા રીફ્રેશર કાર્યક્રમોમાં ભાગ લેવા માટે જાણ કરવામાં આવે ત્યારે દરેક પેનલ વકીલે તેમાં સક્રિય રીતે ભાગ લેવાનો રહેશે. જો આ પ્રકારના તાલીમી કાર્યક્રમોમાં પેનલ વકીલ ગેરહાજર રહેશે તો તેઓનું નામ પેનલમાંથી રદ થવાને પાત્ર રહેશે.
(૪) આપવામાં આવતી કાનૂની સેવાઓ ઉપર અસરકારક દેખરેખ રાખી શકાય તે હેતુથી આમુખમાં દર્શાવેલ નિયમનો–૧૦ અને ૧૧ મુજબ, પેનલ ઉપર નોંધાયેલ વકીલશ્રીએ કેસની દર મુદત તારીખે "મોનીટરીંગ એન્ડ મેન્ટરીંગ કમિટી" ને પ્રગતિ અહેવાલ રજુ કરવાનો રહેશે અને જો પ્રગતિ અહેવાલ રજુ નહી કરવામાં અવે તો તેના વકીલશ્રીનું નામ પેનલ ઉપરથી નાબુદ કરવામાં આવશે.
(૫) પેનલ ઉપરના વકીલ પાસેથી લીગલ એઈડ / સર્વિસ કલીનીકમાં, જેન્ડર રીસોર્સ સેન્ટરમાં, વન–સ્ટોપ સખી સેન્ટર, ઓબ્ઝર્વેશન હોમ, જિલ્લા જેલ, વૃધ્ધાશ્રમ, કોલેજો, સેવાસેતુ કાર્યક્રમ, પ્રાંત કચેરી, લીગલ લીટરસી કલબ, લીગલ આસસ્ટન્ટ સેન્ટર, વિગેરેમાં સેવાઓ લેવાનો તેમજ અન્ય કોઈ કામગીરી કે જાગૃતિ કાર્યક્રમોમાં સેવાઓ લેવાનો પોતાનો હકક આ સત્તામંડળ અબાધિત રાખે છે.
(૬) રીમાન્ડ એડવોકેટ, ફ્રન્ટ ઓફીસના એડવોકેટ અને જેલની મુલાકાત લેતા અડવોકેટશ્રીની નિમણૂંક સમાયંતરે ક્રમાનુસાર અથવા તો તેમની કુશળ કામગીરી અને ઉપલબ્ધતા જોઈ કરવામાં આવશે.
(૭) જો કોઈપણ સંજોગોવશ પેનલ ઉપરના વકીલશ્રીની – સોંપવામાં આવેલ કામગીરી માટે ઉપલબ્ધતા ન હોઈ / મરજીયાત રીતે તે કામગીરી કરવા માંગતા ન હોય / તે કરવા વિષય નિષ્ણાંતતા અથવા સક્ષમતા ધરાવતા ન હોય કે પછી નિયમીત ન રહેતાં હોય તો, તેવા કોઈપણ સંજોગોમાં તેઓશ્રીના બદલે અન્ય યોગ્ય પેનલ એડવોકેટશ્રીને તે કામગીરી ફાળવણી કરવાનો હકક કાનૂની સેવા સંસ્થાઓ પાસે અબાધિત રહેશે.
(૮) પેનલ એડવોકેટશ્રી માટે અરજી કરતા સમયે વકીલશ્રીને પોતાની ઉપર કોઈ ફોજદારી / સીવીલ કેસ પેન્ડીંગ નથી અથવા તો કોઈ કેસમાં તકસીરવાન / કસુરવાન ઠરેલ નથી તેવું જાહેર કરવાનું રહેશે.

## (૧૨) પેનલ ઉપરથી દૂર કરવા અંગેઃ–

જો કોઈપણ વકીલશ્રીની કામગીરી અસંતોષકારક હશે અથવા કાનૂની સહાય જે લાભાર્થીને પુરી પાડવામાં આવેલ છે તે વ્યકિતની પાસેથી કોઈપણ પ્રકારની રકમ / ઈનામ / બક્ષીસ / તરફેણની માંગણી કર્યાની અથવા મેળવ્યાના તહોમતમાં દોષિત ઠર્યેથી અથવા તે / તેણી સદર અધિનિયમની યોજના, નિયમો અને વિનિયમોના

કોઈ પ્રબંધનો ભંગ કર્યેથી તે / તેણીનું નામ પેનલ ઉપરથી નાબુદ કરવામાં આવશે. વધુમાં, તે / તેણીની સામે વ્યવસાયિક ગેરવર્તણૂંક અંગેના પગલાં પણ લેવામાં આવશે.

(૧૩) ધી લીગલ સર્વિસ ઓથોરીટીઝ એકટ, ૧૯૮૭ ના હેતુ અને ઉદેશને પાર પાડવા માટે આ સત્તામંડળ લીગલ એઈડ વકીલની ફરજોના પરિઘને વધારવા માટેનો પોતાનો હકક અબાધિત રાખે છે.

(૧૪) પ્રત્યેક અરજદારે તેઓની અરજી સાથે નીચે મુજબના દસ્તાવેજ રજુ કરવાના રહેશે.

(૧) કાયદાના સ્નાતક તરીકેના અભ્યાસની માર્કશીટ તથા ડિગ્રી સર્ટીફીકેટની પ્રમાણિત નકલ **(ફરજીયાત)**
(૨) સનદની પ્રમાણિત નકલ. **(ફરજીયાત)**
(૩) આધારકાર્ડની પ્રમાણિત નકલ. **(ફરજીયાત)**
(૪) બાર એસોસીએશન ધ્વારા આપેલ અનુભવનું પ્રમાણપત્ર. **(ઈચ્છનીય)**
(૫) કોઈ વિશિષ્ટ પ્રકારના કેસ ચલાવવાની નિષ્ણાંતતા હોય, તો તેની નોંધ. **(ઈચ્છનીય)**

**સ્થળઃ– ગાંધીનગર**
**તારીખઃ–૦૨/૦૯/૨૦૨૬**

**અધ્યક્ષ**
**જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,**
**ગાંધીનગર**

**નકલ રવાનાઃ–**
**<u>નકલ સવિનય રવાના જરૂરી કાર્યવાહી તથા બહોળી પ્રસિધ્ધી તથા જાણકારી સારૂં...</u>**

(૧) રજીસ્ટ્રારશ્રી, જિલ્લા ન્યાયાલય, ગાંધીનગર (પોતાના તાબા હેઠળની તમામ ન્યાયિક અદાલતોના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવા માટે)
(૨) અધ્યક્ષશ્રી, તાલુકા કાનૂની સેવા સમિતિ, ગાંધીનગર, કલોલ, માણસા તથા દહેગામ.
(૩) પ્રમુખશ્રી, તમામ બાર એસોસીએશન / તાલુકા બાર એસોસીએશન ગાંધીનગર, કલોલ, માણસા તથા દહેગામ.
(૪) કલેકટરશ્રી, ગાંધીનગર (તાબા હેઠળની તમામ મહેસુલી અદાલતોના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ)
(૫) પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર (તાબા હેઠળના તમામ પો.સ્ટે.ના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ)
(૬) ફેમીલી કોર્ટ, ગાંધીનગર
(૭) જુવેનાઈલ અદાલત, ગાંધીનગર
(૮) ચાઈલ્ડ વેલફેર કમિટી, ગાંધીનગર
(૯) ગાંધીનગર જિલ્લાને લાગુ પડતી ઓદ્યોગિક અદાલત મુ. ગાંધીનગર
(૧૦) ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ગાંધીનગર
(૧૧) સંયુકત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટ, ગાંધીનગર
(૧૨) જિલ્લા માહિતી અધિકારીશ્રી, ગાંધીનગર(આ બાબતને બહોળી પ્રસિધ્ધી મળે તે મુજબની જરૂરી કાર્યવાહી નિઃશુલ્કપણે કરવાની વિનંતી સહ)

# પેનલ વકીલ માટેના આવેદન પત્રનો નમુનો

**અરજી નંબર**......................(ફકત કચેરીના ઉપયોગ માટે)

ઉમેદવારનો હસ્તાક્ષરયુકત નવીનતમ પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ

વિષય:– લીગલ એઈડ લોયરની પેનલમાં જોડાવા બાબત...

કઈ હકુમતની પેનલમાં જોડાવ માંગો છો ? કોઈપણ એકમાં જ ☑ ની નિશાની કરો.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર (જિલ્લા અને સત્ર ન્યાયાલય, ગાંધીનગર (એપેલેટ / ટ્રીબ્યુનલ / ફેમીલી કોર્ટ / સ્પે. કોર્ટ) માટે ☐

તાલુકા કાનૂની સેવા સમિતિ (ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ અને સીનીયર સીવીલ કોર્ટસ તેમજ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ અને સીવીલ કોર્ટસ માટે)

| | | | |
|---|---|---|---|
| ગાંધીનગર | ☐ | કલોલ | ☐ |
| માણસા | ☐ | દહેગામ | ☐ |

કયા પ્રકારના કેસોની પેનલમાં રહેવા માંગો છો ? કોઈપણ એક માં જ ☑ ની નિશાની કરો.

(૧) સીવીલ કેસ માટે ની પેનલ ☐
(૨) ક્રિમીનલ કેસ માટેની પેનલ
(૩) ગંભીર અને હેવીલી કોન્ટેસ્ટેડ ક્રિમી.કેસો માટેની પેનલ ☐
(૪) નજીવા અને પ્રમાણમાં આસાન ક્રિમી. કેસો માટેની પેનલ ☐
(૫) લગ્ન વિષયક તકરાર અંગેના કેસો માટેની પેનલ ☐
(૬) એમ.એ.સી.પી. કેસો માટેની પેનલ ☐
(૭) જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ તથા સી.ડબલ્યુ.સી.માટેની પેનલ ☐
(૮) લેબર / ઔદ્યોગિક અદાલતના કેસ માટેની પેનલ ☐
(૯) પર્યાવરણ કેસ માટેની પેનલ ☐
(૧૦) બંધારણના કેસ માટેની પેનલ ☐
(૧૧)સીનીયર સીટીઝનના કેસ માટેની પેનલ ☐
(૧૨) મહેસુલી કેસોની પેનલ ☐
(૧૩) ગ્રાહક સુરક્ષા ફોરમના કેસોની પેનલ ☐
(૧૪) સહકારી મંડળી/બી.એન.ને કેસોની પેનલ ☐
(૧૫) શિબિરો તથા કાનૂની જાગૃતિ કાર્યક્રમોની પેનલ ☐
(૧૬) પોકસો કેસની અંદર વીકટીમને મદદરૂપ થવા ☐

| | | |
|---|---|---|
| ૧ | અરજદારનું નામ (અંગ્રેજી કેપીગલ માં)<br>દા.ત. (પોતાનું નામ–પિતા/પતિનું નામ–અટક) | |
| ૨ | જન્મ તારીખ | |
| ૩ | વય (તા.૦૨/૦૯ /૨૦૨૬ ના રોજ ) | |
| ૪ | લીગ (સ્ત્રી / પુરૂષ / અન્ય હોય તો દર્શાવવી) | |
| ૫ | રહેઠાણનું સરનામું | |
| ૬ | ઓફીસનું સરનામું | |

| | | |
|---|---|---|
| | | |
| ૭ | મોબાઈલ નંબર | મો.નંબર |
| | | વ્હોટસએપ નંબર |
| ૮ | ઓફીસનો સંપર્ક નંબર | |
| | રહેઠાણનો સંપર્ક નંબર | |
| | ઈ–મેઈલ આઈ.ડી. | |
| ૯ | શૈક્ષણિક લાયકાત | |
| ૧૦ | પાન નંબર | |
| ૧૧ | આધાર નંબર | |
| ૧૨ | વકીલ તરીકે એનરોલમેન્ટ થયાની તારીખ | |
| ૧૩ | એનરોલમેન્ટ નંબર (સર્ટીફીકેટની નકલ જોડવી) | |
| ૧૪ | પ્રકેટીસનો અનુભવ (જે ક્ષેત્રમાં પ્રેક્ટીસ કરેલ હોય તે પ્રેકટીસની અવધિ) (બાર પાસેથી મેળવેલ અનુભવનું પ્રમાણપત્ર જોડવું ઈચ્છનિય છે . | |
| | અ) કોઈ ચોકકસ પ્રકારનો કેસો ચલાવ્યા હોય તો તેની વિગત (જરૂરીયાત હોય તો અલગથી કાગળ જોડવા) | |
| ૧૫ | શું અગાઉ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અથવા તાલુકા કાનૂની સેવા સમિતિ અથવા અન્ય કોઈ સંસ્થા / સરકારી વિભાગની પેનલ ઉપર નોંધાયેલા રહેલા છો ? જો હા તો વિગતો દર્શાવો. | |
| ૧૬ | શું કોઈ શિસ્તભંગનો કેસ કે ફરીયાદ અરજદાર વિરુધ્ધ બાર કાઉન્સિલમાં કે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ માં કરવામાં આવેલી છે. ? જો " હા " તો તેની વિગત દર્શાવો. | |

સ્થળ:– ગાંધીનગર
તારીખ:......./......./૨૦૨૬

(અરજદારની સહી)

આથી હું જાહેર કરું છું કે, આ અરજીમાં જણાવેલ તમામ કથનો મારા જ્ઞાન અને માન્યતા મુજબ સત્ય, સંપૂર્ણ અને ખરા છે. જો કોઈપણ તબકકે કોઈપણ માહિતી ખોટી અથવા અસત્ય જણાશે તો મારી ઉમેદવારી રદ થવા પાત્ર થશે. અમોએ પેનલની નોંધણી અંગેની તમામ સુચનાઓ અને શરતથો વંચી અને સમજી છે અને તેનું પાલન કરવા અમો બંધાઈએ છીએ. હું જાહેર કરું છું કે અમોએ જે કેટેગરી માટે પેનલની નોંધણી થવા માટે અરજી કરેલ છે તે કેટેગરીની લાયકાત અંગેની તમામ શરતો સંતોષીએ છીએ. અમોએ હાલની અરજી સિવાય અન્ય કોઈ અરજી પેનલ ઉપર નોંધાવવા માટે આપેલી નથી. તથા અમો જાહેર કરીએ છીએ કે અમો કોઈ ફોજદારી કેસમાં તકસીરવાન / કસુરવાર ઠરેલ નથી, અમો નાદાર નથી કે નાદારી નોંધાવેલ નથી તથા હાલ અમો ઉપર કોઈ ફોજદારી કે દિવાની કેસ પડતર નથી.

સ્થળ:– ગાંધીનગર
તારીખ:......./......./૨૦૨૬

(અરજદારની સહી)

**<u>ફોર્મ સાથે જોડવાના બિડાણ:–</u>**

(૧) કાયદાના સ્નાતક તરીકેના અભ્યાસની માર્કશીટો તથા ડિગ્રી સર્ટીફીકેટની પ્રમાણિત નકલ. (ફરજીયાત)
(૨) સનદની પ્રમાણિત નકલ (ફરજીયાત)
(૩) આધાર કાર્ડની પ્રમાણિત નકલ (ફરજીયાત)
(૪) બાર એસો. ધ્વારા આપેલ અનુભવનું પ્રમાણપત્ર (ઈચ્છનીય)
(૫) કોઈ વિશિષ્ટ પ્રકારના કેસ ચલાવવાની નિષ્ણાંતતા હોય, તો તેની નોંધ (ઈચ્છનીય)